# અરવલ્લીમાં નોટબંધીના ૪૪ દિવસ બાદ પણ સ્થિતિ યથાવત

મોડાસા, તા. ૨૨

નોટબંધીના ૪૪ દિવસ બાદ પણ અરવલ્લી જિલ્લાની શહેરો અને



ગ્રામ્ય વિસ્તારોની બેંકોમાં ગ્રાહકોનીલાંબી કતારો જોવા મળી રહી છે. બીજી તરફ બેંકના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા હેડ ઓફીસથી જ કેશ નહિ આવતા આ સ્થિતિ સર્જાઈ હોવાનું રટણ ચાલુ રહ્યું છે. અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોમાં ખાતા ખોલાવવા વહેલી સવારથી જ કતારો જામી રહી છે. પ્રજાજનોને સમય અને રોજગારી બગાડી બેંકોની લાઈનમાં ઉભા રહેવાનો વારો આવ્યો છે.

## બેંકોમાં ખાતા ખોલાવવા અને રૂપિયા ઉપાડવા કતારો

નોટબંધીના ૪૪મા દિવસે પણ જિલ્લાના પ્રજાજનોની હાલત કફોડી અને દયનીય બની રહી છે. કલાકો સુધી બેંકોની લાઈનમાં ઉભા રહ્યા પછી પણ ૬૦૦૦ થી ૧૦૦૦૦ સુધી જ બેંકોમાંથી રૂપિયા ગ્રાહકોને મળી રહ્યા છે. આટલા ઓછા નાણા મળવાથી કુટુંબનું ભરણપોષણ કરવામાં મુશ્કેલી પડી રહી છે. અરવલ્લી જિલ્લામાં નોટબંધી બાદ મોટેભાગે એટીએમ બંધ રહેતા હોય છે. બેંકો ખાતે લાંબી કતારમાં ઉભા રહીને પણ ગ્રાહકોને પુરતા નાણાં મળતા નથી તેથી આમ જનતાની પરેશાની સાથે વેપાર ધંધા ઉપર પણ માઠી અસર વર્તાઈ રહી છે. જિલ્લામાં સામાન્ય લોકો પાસે રૂપિયાના અભાવેતમામ કામકાજ અટકી ગયા છે. જ્યારે બચત કરેલી ૧૦૦, ૫૦ની ચલણી નોટો હવે ઘરગથ્થુ સામાન્ય ખર્ચામાં પુરી થઈ ગઈ છે, અને એટીએમ સતત બંધ રહે છે. બેંક સરકારની જાહેરાત મુજબના નાણા આપતા નથી. લાંબી કતારોમાં ઉભા રહીને પણ જૂજ રકમ મળી રહી છે.

સામાન્ય નાગરીક નાના વેપારીઓ પાસે જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદતા હોય છે. આવા સંજોગોમાં તેમને નાની રોકડની અછત થકી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા સહિત સામાન્ય વ્યક્તિઓ અને જગતનો તાત ખેતીના કામકાજ છોડીને બેંકોની લાઈનમાં ખાતા ખોલાવવા અને રૂપિયા ઉપાડવા જોતરાતા લાંબી કતારો યથાવત રહી છે. ગ્રામ્ય



વિસ્તારોની બેંકો દ્વારા ગ્રાહકના રૂપિયા ગ્રાહકોને આપવામાં કેશનો અભાવ જણાવી આડોડાઈ કરી રહી છે. કેટલાક વિસ્તારોમાં બેંક કર્મચારીઓ અને ગ્રામજનો વચ્ચે તુ તુ મે મે ના બનાવો પણ બની રહ્યા છે.

## કમિશનથી જુની નોટ બદલવાના સોદા કરનાર આરબીઆઈના ફતવાઓથી ભુગર્ભમાં

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દિવસોમાં મોટા પાયે જુની નોટ બદલવાના સોદા કર્યા હતા તેવા લોકો આરબીઆઈ દ્વારા રોજ રોજ નિતનવા નિયમો બદલતી રહેતી હોવાથી ભુગર્ભમાં ઉતરી ગયા છે. રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટની લાખ્ખોની રકમ બદલવા માટે અમુક મોટા માથાઓ અને બિલ્ડરોની નિંદ હરામ થઈ ગઈ છે. એક દિવસ પુરતા અમલમાં આવેલા નિયમ રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦ની જુની નોટ પાંચ હજારથી વધુ મર્યાદા ફિક્સ કરી દેતોના ભય સાથે જૂની નોટો ઘર જમાઈ થઈ પડે તેવો ભય દલાલો અને વચોટીયામાં ફેલાઈ જતા ભુગર્ભમાં ઉતરી ગયા છે.

# પાંથાવાડાની દીકરીની દુર્દશાના મામલે આખરે તંત્ર જાગ્યું ખરું

### તંત્રએ બાળકીની સારવારની દાખવી તૈયારી : સેવાભાવી યુવકોએ તંત્રની વાત નકારી

કેન્દ્રીય મંત્રીએ દત્તક લીધેલા પાંથાવાડા ગામમાં માત્ર દીકરી હોવાના નાતે એક બાળકીનું જીવન નર્કાગાર બન્યું હોવાનો ચોંકાવનારો



કિસ્સો તાજેતરમાં બહાર આવ્યો હતો. જેમાં મીડિયાના અહેવાલો બાદ તંત્રની ઊંઘ ઉડતા તંત્રએ બાળકીની વિના મુલ્યે સારવાર કરવાની તૈયારી દાખવી હતી.

પાંથાવાડા ગામની આ શર્મશાર કરતી ઘટનામાં પોપટભાઈ સવાજી ભાટની ૧૨ વર્ષીય દીકરી વિમલા બેન ભાટ કે જે એક પગે અપંગ છે. જેને થોડાક સમય અગાઉ બીજા પગે કંઈક વાગ્યું હતું. પરંતુ દીકરી તો પાપનો ભારો સમજતા બાપે દરકાર ન લેતા તેના પગમાં સડો લાગતા જીવાત પડી ગઈ હતી. ત્યારે દોજખભરી યાતનામય જિંદગી જીવતી બાળકીને ખુદ સગો બાપ અનાથ આશ્રમમાં મુકવા તૈયાર થયો હતો. જેની જાણ થતા ગામના કેટલાક સેવાભાવી યુવાનોનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. તેઓએ આ બાળકીની સારવાર કરાવવાનો નીર્ધાર કર્યો. અને દુઃખથી કણસતી બાળકીને સારવાર અર્થે પાલનપુર ખસેડી તેના સારવારનો તમામ ખરચ ઉપાડી લીધો હતો.

આ દોજખભરી પરિસ્થિતિ માં પોતાના પરિવારની ઉપેક્ષાનો ભોગ બનેલી આ માસુમ દીકરી આરોગ્ય તંત્ર અને શિક્ષણ વિભાગની ઉપેક્ષાનો પણ ભોગ બની હતી. જે અંગેના મીડિયાના સંવેદનશીલ અહેવાલો બાદ કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલું આરોગ્ય તંત્ર સફાળુ જાગ્યું હતું. આરોગ્ય તંત્રએ આ બાળકીની વિના મુલ્યેસારવાર કરવાની તૈયારી બતાવી હતી. જોકે, પાંથાવાડાના સેવાભાવી યુવકોએ તંત્રની વાતને નકારી દીધી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# પ્રાંતિજ ટીડીઓની સામે જનતાની રાવ છતાં તંત્ર ઘોર નિદ્રામાં

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં ઘણા સમયથી તંત્રની મિલી ભગતથી વિકાસ અધિકારીની ખાલી પડેલ જગ્યા ભરવામાં આવતી નથી અને માત્ર ચાર્જ ઉપર રાખવામાં આવી છે. અને અનેકવાર તાલુકાની જનતાની રાહ ઉઠવા છતાં નઠોર તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં ઘોર નિદ્રા માણી રહ્યું હોય તેવું હાલ તો જણાઈ આવે છે.




પ્રાંતિજ ખાતે ટીડીઓની જગ્યા માત્ર ચાર્જ ઉપર ચાલે છે અને સ્થાનિક જિલ્લા તંત્ર દ્વારા નિયમોને હાલ તો નેવે મુકી માત્ર હપ્તાની લ્હાયમાં સ્થાનિકને જ ચાર્જ સોંપવામાં આવ્યો છે ત્યારે અનેકવાર ચાર્જમાં રહેલ સ્થાનિક ટીડીઓ એ.જે. પટેલ સામે તંત્રમાં રજુઆતો થયા છતાં જિલ્લા તંત્ર તથા સ્થાનિક તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી ત્યારે તંત્ર પણ હપ્તાની મલાઈમાં મસ્ત હોય તેવું જણાઈ આવે છે ત્યારે સ્થાનિક તથા જિલ્લા તંત્ર હાલતો આંખ આડા કાન કરીને બેઠું છે ત્યારે નાની નાની બાબતોમાં પણ પ્રાંતિજ તાલુકાની જનતાને સમય અને ભોગ તો આપવો પડે છે પણ તાલુકા પંચાયતમાં નાનામાં નાનું કામ કરાવવું હોય તો વજન મુકવું પડે છે ત્યારે કોન્ટ્રાકટરો, સ્ટાફ અને તલાટી પછી હવે આમ જનતા પણ ચાર્જમાં રહેલ ટીડીઓ સામે નામ ના આપવાની શરતે હાલ તો આવા ભ્રષ્ટ અધિકારીઓ સામે લડી લેવાનાં મુડમાં છે ત્યારે હવે તો નઠોર તંત્ર દ્વારા દુધનું દુધ અને પાણીનું પાણી કયારે કરશે.

# મોડાસા બાયપાસ નજીક કારમાંથી દોઢ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે મોડાસા શહેરના બાયપાસ મોડાસા-ધનસુરા રોડ પર આવેલા રેલવે ક્રોસિંગ નજીકથી ગુરૂવારે બપોરના સુમારે સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો ૧૫૧૨૦૦ રૂ.નો દારૂ ઝડપી પાડી કારચાલક સહિત અન્ય એક શખ્સની ધરપકડ કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના બુટલેગર અને આણંદના બુટલેગરના અડ્ડા પર દારૂ પહોંચાડવાનો હતો તે ગોપાલ મારવાડી વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે જિલ્લાના માર્ગોનો ઉપયોગ કરી ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ બુટલેગરોને ઝડપી પાડવા સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુરૂવારે બપોરે મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર આવેલા રેલવે ક્રોસીંગ નજીક સઘન પેટ્રોલીંગ હાથ ધરી રાજસ્થાન તરફથી આવી રહેલા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતા બપોરના ૧૨.૧૫ના સુમારે રાજસ્થાન તરફથી આવી રહેલી અમદાવાદ પાસીંગની સ્વીફ્ટ ડિઝાયર કારને અટકાવી તલાશી લેતા કારમાંથી પાછળના ભાગે સંતાડેલી છુટ્ટી વિદેશી દારૂની ૨૧૬



બોટલો ગેરકાયદેસર વગર પાસ પરમીટે ઘુસાડવાનો પ્રયત્ન કરતા ઝડપી પાડી વિદેશી દારૂની બોટલો કિંમત રૂ. ૧૫૧૨૦૦, મોબાઈલ નંગ ૪ કિંમત રૂ. ૫૦૦૦, રોકડા રૂ. ૩૦૦ અને મારૂતી સ્વીફ્ટ કાર (ગાડી નં. જીજે૧ઓઝેડ. ૮૪૪૦)ની કિંમત રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૬૫૬૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી કારચાલક શંકર નારાયણ કચરૂ જોષી (રહે. બસી, તા. સલુમ્બર રાજસ્થાન) તેમજ અન્ય શખ્સ દેવસિંહ ગુમાનસીંહ રાજપુત (રહે. ખરકા, સલુમ્બર, રાજસ્થાન)ને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દઈ સ્વીફ્ટ ડિઝાયર કારમાં દારૂ ભરી આપનાર મહેન્દ્રસીંહ તેમજ આણંદના બુટલેગરના ઘરે દારૂ પહોંચાડવાનો હતો તે ગોપાલ મારવાડી (રહે. આણંદ, ખેડા, ગુજરાત) વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બન્ને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## યાત્રાધામ ઢીમા ધરણીધરનો વિકાસ હાથ ધરાશે

પાલનપુર, તા. ૨૨

પાકિસ્તાનની સરહદે આવેલ બનાસકાંઠા જિલ્લાના સરહદી યાત્રાધામ ઢીમા દરણીધર તીર્થનો વિકાસ કરવાની છેલ્લા એક વર્ષથી હાથ ધરાયેલ પ્રયત્નોને સફળતા મળેલ છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે બનાસકાંઠાનું ડાકોર અને દ્વારકા ગણાતા ઢીમા યાત્રાધામના વિકાસ અને સુવિધા માટે મિડીયા અને ભાવિકજનોની વર્ષોની માંગણી હવે સાકાર બનવાની છે.

યાત્રાળુઓની સુવિધા, મંદિર પરીસર અને મંદિરને જોડતા માર્ગ સહીત આ સરહદી યાત્રાધામને વિકસતી કરવા રાજ્ય સરકારને રૂપિયા પાંચ કરોડના અંદાજીત ખર્ચે વિવિધ દરખાસ્તો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રજુ કરવામાં આવી હતી. જેને પ્રવાસન નિગમે મંજુર કરી દીધેલ છે.

આગામી એકાદ મહિનામાં આ કામોની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. મંદિરને જોડતા માર્ગ ઉપર આવેલ દબાણોને હટાવી માર્ગને પહોળો કરવાની કામગીરીમાં તંત્રને ઢીમાવાસી નાગરિકો સહયોગ આપે તેવી વિનંતી છે. આ સરહદી તીર્થધામમાં યાત્રાળુઓની સુવિધા માટેના વિકાસ કામોને અગ્રતા આપવા આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ પણ તંત્રને અવારનવાર ગતીશીલ કરવા જાગૃતિ રાખેલ છે. તેમ ગણપતભાઈ જોષીએ જણાવ્યુ હતુ.

## ઈડરમાં દત્ત સિધ્ધપીઠ મસાલમાં દત્ત જયંતીની ઉજવણી

ભિલોડા,તા.૨૨

ઈડરમાં દત્ત સિધ્ધપીઠ મસાલમાં દત્ત જયંતીની ઉજવણી યોજાઈ હતી. દત્ત સિધ્ધપીઠ મસાલમાં દત્ત જયંતી નિમિત્તે સ્વામી અનંત તીર્થ સ્વામીજીના સાનિધ્યમાં બાર કલાકની અખંડ ધુન યોજાઈ હતી. આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્યના કલ્યાણ, મુંબઈ, અમદાવાદ, ઈડર સહિત દુર-દુરથી ભાવિક ભક્તો, મુમુક્ષુઓ દર્શનાર્થે ઉમટ્યા હતા.

# થરાના ભલગામ ટોલનાકા પાસે દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપાઈ

શિહોરી, તા. ૨૨

બનાસકાંઠાના થરા નજીકના ભલગામ ટોલટેક્સ પાસે બાતમીને






આધારે થરા પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી. પોલીસે ૫.૩૬ લાખના મુદ્દામાલ સાથે કારચાલકની ધરપકડ કરી હતી અને આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસવડાના સૂચનાને પગલે મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ દારૂની થતી હેરફેરને અટકાવવા પીએસઆઈ એમ.એન. દેસાઈની ટીમ સઘન પેટ્રોલિંગ કરતા હતા.

આ દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે સફેદ રંગની વિદેશી દારૂ ભરેલી કાર રાધનપુર તરફથી આવનાર છે જે હકિકતને આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને બાતમીના વર્ણનવાળી કાર આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા તેમાંથી કુલ ૬૨૪ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ. ૧,૩૪,૦૦૦ થાય છે. આ ઉપરાંત મોબાઈલ અને કાર મળી કુલ ૫,૩૬,૦૦૦નો મુદ્દામાલ ઝપ્ત કર્યો હતો. આ દરમિયાન પોલીસે કારચાલક વિજેન્દ્રસિંહ પીરસિંહ રાજપુત (રહે. સાંચોર, નહેરૂ કોલોની, જાલોર, રાજસ્થાન)ની અટકાયત કરી હતી અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### અરવલ્લી જિલ્લો પણ નોટબંધીની અસરથી પ્રભાવિત

# અરવલ્લીમાં જીઆઈડીસી સહિતના મોટા ઉદ્યોગો પર વ્યાપક અસર

મોડાસા, તા. ૨૨

કેન્દ્ર સરકાર દ્વારા ગત નવેમ્બર માસની ૮મી તારીખે રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના ચલણની નોટોને નાણાંકીય વ્યવહારમાંથી રદ કર્યા પછી આજે એક માસ ઉપરનો સમય વિતી ગયો છે અને હાલ સમગ્ર દેશમાં નાણાંની અછત વર્તાઈ રહી છે ત્યારે તેની અસરથી અરવલ્લી જિલ્લો પણ બાકત રહ્યો નથી. મોડાસા જીઆઈડીસીમાં આવેલ મોટી મોટી ફેક્ટરીઓમાં પ્રોડક્શન કરેલ માલસ્ટોક જૈસે થે રહેવા પામતા અને માર્કેટમાં મંદીની અસર વર્તાતા ફેક્ટરીઓમાં કામ કરતાં કારીગર અને લેબર વર્ગને છૂટા કરવાની નોબત આવી છે.

નોટબંધીની અસર હરકોઈ ક્ષેત્રે વર્તાઈ રહી છે ત્યારે નાના નાના ઉદ્યોગો હોય કે મોટા વેપાર ધંધાવાળા કે પછી ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલ ફેક્ટરીઓમાં પણ તેની વિપરીત અસર જોવા મળે છે એક તરફ બજારમાં મંદીનો માહોલ સર્જાયો છે અને હાલ જે પ્રમાણે ચલણી નોટોના અભાવે માર્કેટમાં મંદી આગળ વધી રહી છે તે જોતા અરવલ્લી જિલ્લામાં પણ ૫૦ થી વધુ જુદા જુદા ઉદ્યોગોને સમાવી લેતી મોડાસાની જીઆઈડીસીમાં આવેલ મોટી મોટી ફેક્ટરીઓમાં પ્રોડક્શન મહદઅંશે ઠપ્પ થઈ જતાં સમગ્ર ઉદ્યોગ ધંધા ઠપ્પ થઈ ગયા છે. વધુમાં આ જીઆઈડીસીમાં કામ કરતા લેબર વર્ગનો પગાર પણ આ મંદીના માહોલમાં પોસાતા ન હોઈ માલિકો દ્વારા તેમને છૂટા કરવાની નોબત આવી છે.

## મંદીનો માહોલ રહેતા કારીગર-લેબરકામના કર્મચારીઓને છૂટા કરવાની નોબત આવી

### શીખી રહ્યા છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન બોલ્યા હોત તો ભૂકંપની સ્થિતી સર્જાઈ ગઈ હોત. એટલો મોટો ભૂકંપ આવ્યો હોત કે દેશ ૧૦ વર્ષ સુધી તેનાથી બહાર નિકળી શક્યુ ન હોત. મોદીએ પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, પૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ પર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે મનમોહનસિંહ વર્ષ ૧૯૭૧થી જ દેશની તમામ અર્થવ્યવસ્થા અંગેની કોર ટીમના એક હિસ્સા તરીકે રહ્યા હતા. સિંહ કહ્યુ ચુક્યા છે કે જે દેશમાં ૫૦ ટકા ગરીબ લોકો હોય ત્યાં આ પ્રકારની ટેકનોલોજી કઈ રીતે કામ કરી શકે છે. સિંહ પોતાના રિપોર્ટ કાર્ડ આપી રહ્યા છે કે મારા રિપોર્ટ કાર્ડ માંગે છે. મોદીએ સર્જિકલ સ્ટ્રાઈકના મુદ્દે પણ વિસ્તારપૂર્વક વાત કરી હતી. નોટબંધીનો વિરોધ કરી રહેલા લોકોની મોદીએ જોરદાર ઝાટકણી કાઢી હતી. કેટલાક લોકો કહે છે કે મોદીએ આટલો મોટો નિર્ણય લઈ લીધો છે. તેમને અંદાજ જ ન હતો. મોદીએ કબુલાત કરતા કહ્યું હતું કે આ ફેંસલાને અમલી કરવાથી પહેલા ઘણી બધી બાબતો વિચારવામાં આવી હતી. કેટલીક બાબતોનો અંદાજ પણ મુકવામાં આવ્યો હતો પરંતુ તેઓ એક ચીજનો અંદાજ મુકી શક્યા ન હતા.

### જવાબો આપે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું હતુ કે ગઈકાલે તેઓ ગુજરાતના મહેસાણામાં હતા. મોદીને બે ત્રણ સવાલ ભ્રષ્ટાચારને લઈને કર્યા હતા. મોદીએ સવાલના જવાબ આપ્યા નથી પરંતુ પ્રશ્નો જે પૂછવામાં આવ્યા હતા તેને હાસ્યાસ્પદ અંદાજમાં ઉડાવી દીધા છે. રાહુલે કહ્યું હતું કે તેમની મજાક ભલે કરવામાં આવે પરંતુ દેશના યુવાનો અને તેમના પ્રશ્નોના જવાબ આપવામાં આવે તેમ અમે ઈચ્છીએ છીએ. ગાલીબની પણ મજાક થઈ હતી. પીએમ પર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે કાળા નાણાં તેમની પાસે નથી જે લોકો લાઈનમાં ઉભા છે. કાળા નાણાં એ લોકોની પાસે છે જે લોકો મોદી સાથે વિમાનમાં ફરે છે. રાહુલે ઉમેર્યું હતું કે નોટબંધીનો એકમાત્ર મતલબ ગરીબો પાસેથી ખેંચીને અમીરોને આપવા માટેનો છે.

### જંગનું રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબદારી સંભાળી હતી. નાયબ રાજ્યપાલ બનતા પહેલા તેઓ જામીયા મીલીયા ઈસ્લામીયા યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે હતા. રાજીનામાના નિર્ણયને લઈને રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા છે. એકાએક નજીબજંગે રાજીનામું કેમ આપ્યું તેને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. કોઈ કારણ ન અપાતા સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. નજીક જંગે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનના ગાળા દરમ્યાન સહકાર બદલ લોકોનો આભાર માન્યો છે.

### સ્થિતિ યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણામંત્રી કહી ચુક્યા છે કે, સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે પરંતુ સામાન્ય સ્થિતિ સ્થાપિત કરવામાં હજુ સમય લાગી શકે છે. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે મોટી નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. નથી. બીજી બાજુ વિરોધ પક્ષો હાલમાં ભારે હોબાળો મચાવીને સ્થિતીને ખરાબ કરી રહ્યા છે. સ્થિતીને સુધારી દેવાના તમામ દાવા હજુ સુધી પોકળ સાબિત થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા માંગવામાં આવેલી ૫૦ દિવસની મહેલત પૂર્ણ થવા આડે માત્ર છ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે સમસ્યા છ દિવસમાં ઉકેલાઈ જાય તેવી શક્યતા નહીવત છે.

### આક્રમક કાર્યવાહી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ વ્યક્તિ પાસે રહેલી તમામ જૂની નોટોને જમા કરવા માટે લોકોને મંજુરી આપેલી છે. ટોચના અધિકારીઓ ઉપર પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે જેનો પ્રથમ દાખલો ગઈકાલે બન્યો હતો. જ્યારે તમિલનાડુના ચીફ સેક્રેટરી રાવના આવાસ અને ઓફિસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. ઈન્કમટેક્સના અધિકારીઓ દ્વારા ઉંડી તપાસ કરાઈ હતી. તેમની હવે હકાલપટ્ટી થઈ ચુકી છે. ટેક્સ અધિકારીઓ દ્વારા નવી નોટમાં ૩૦ લાખ રૂપિયાની રોકડ અને પાંચ કિલો સોનુ મળી આવ્યું હતું. બિનહિસાબી આવક તરીકે પાંચ કરોડ રૂપિયાની રકમ અન્યત્ર મળી હતી. આજે સવારે છ વાગે ઈન્કમટેક્સના ૧૦૦થી વધુ અધિકારીઓની ટુકડીએ સીઆરપીએફના ૩૫થી વધુ જવાનોને સાથે રાખીને તપાસ હાથ ધરી હતી.

### મતભેદો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશ્નો ઉઠાવ્યા બાદ આરબીઆઈએ નંબરો જાહેર કરવાની વાત કરી ન હતી. બીજી બાજુ સરકારે કાર્ડ ટ્રાન્ઝેકશન ઉપર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટમાં મુક્તિ આપી હતી પરંતુ આરબીઆઈએ કહ્યું હતું કે આનાથી બેંકોને નુકસાન થશે. થાપણો અથવા તો ડિપોઝીટને લઈને સ્પષ્ટપણે મતભેદો ઉભરી આવ્યા હતા. સરકારે બેંકો પર ડિપોઝીટ નોટને લઈને વાત કરી હતી. જ્યારે આરબીઆઈએ પાંચ હજારથી ઉપરની ડિપોઝીટ માટે કારણો જાણવા બેંકોને કહ્યું હતું.

### નવતર અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપી અભિયાનનું મોનીટરીંગ પણ કરશે. મળતી વિગતો પ્રમાણે ગુણોત્સવમાં ઉપયોગી થાય તેવું ગૃહકાર્ય આપવા પણ વ્યુહરચનાના ભાગરૂપે શિક્ષકોને ખાસ જણાવવામાં આવ્યું છે.

તાલુકામાં આજે પ્રથમ ગુરૂવારે આ અભિયાન અંતર્ગત બાળકોનું લેખન મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતુ. હવે દર બુધવારે તાલુકા કક્ષાએથી દરેક શાળાએ ઈ.મેલ દ્વારા વાંચન-લેખન-ગણનનું પ્રશ્ન પત્ર મોકલી આપવામાં આવશે. આ મૂલ્યાંકન અંગેનો અહેવાલ દર શુક્રવારે પગાર કેન્દ્ર શાળામાં પહોંચાડવાનું રહેશે. સોમવારે આ તમામ પગાર કેન્દ્રની શાળાઓ તાલુકા કક્ષાએ અહેવાલ મોકલી આપશે.

આ અભિયાન અંતર્ગત મુખ્ય શિક્ષકે પણ શાળાનું મૂલ્યાંકન કરી અને પોતાનો અહેવાલ ગુણાંકન સાથે આપવાનો રહેશે.

શિક્ષણ સમિતિના સૂત્રોના જણાવ્યાનુસાર આ નવતર અભિગમને કારણે બાળકોની શિક્ષણ પ્રત્યેની રૂચિ વધશે એટલુ જ નહિ બાળકોમાં લેખન માટેની પણ વૃત્તિ વધશે જેને લઈ પરિણામમાં ગુણાત્મક સુધાર જોવા મળશે. આજના આ અભિયાનને લઈ બાળકોમાં પણ સારો ઉત્સાહ જોવા મળ્યો હોવાનું શિક્ષણ શાળાના સૂત્રોએ સ્વીકારી જણાવ્યુ છે કે હવે પછી ઓ.એમ.આર. શીટ પર આ ગુણાત્મક શિક્ષણ સુધારણા અભિયાન યોજવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

તાલુકાના બીઆરસી, સીઆરસી તેમજ કેળવણી નિરીક્ષક અને તાલુકા પ્રાથમિક શાશનાધિકારીની મુલાકાતથી શાળાઓની સુવિધાઓમાં સુધાર આવશે એટલુ જ નહિ અનુભવી માર્ગદર્શનને કારણે બાળકોમાં પણ જ્ઞાનવૃદ્ધિ થશે. ગાંધીનગર જિલ્લામાં ગુણાત્મક સુધારણા માટે ઉપચારાત્મક વર્ગો તો ચાલે જ છે પરંતુ આ નવતર અભિગમને લઈ હવે સારો એવો સુધાર નવા ગુણોત્સવમાં જોવા મળશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.